વર્ષ ૨૦૧૯-૨૦
ચાલુ બાબત
રૂ. ૧૪૩૪૫.૦૦લાખ

પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ (૧) ૧ થી ૪ દુધાળા પશુઓના ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાય(૨) રાજ્યના પશુપાલકોને ૧ થી ૨૦ દેશી દુધાળા પશુઓ(ગાય અને ભેંસ)ના એકમની સ્થાપના પર વ્યાજ સહાય (૩) સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની ચાલુ બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.................

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : સીડીએસ/૧૩૨૦૧૮/૧૫૭૪/પી.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૯/૦૪/૨૦૧૯

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક.........................
-2 MAY 2019
666
શાખા.........................

વંચાણે લીધા:-

૧. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : સીડીએસ/૧૩૨૦૧૭/૯૪/પી.૧, તારીખ:૧૭/૦૪/૨૦૧૮
૨. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : સીડીએસ/૧૩૨૦૧૭/૧૮૧૩/પી.૧, તારીખ:૦૫/૦૪/૨૦૧૮
૩. નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ૨૦૦-૨૦૧/૨૦૧૮, તારીખ.૧૫/૧૦/૨૦૧૮
૪. નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: પધન/ગસક-૩/૧૦૨(૧)/૫૩-૫૪/૧૯, તા.૧૮/૦૩/૧૯

**આમુખ :**

ઉપર વંચાણે લીધા(૧) હેઠળના આ વિભાગના ઠરાવથી વર્ષ: ૨૦૧૮-૧૯માં પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપના માટે સહાયની નવી બાબતને વહીવટી મંજુર આપવામાં આવેલ. વંચાણે લીધા (૨) હેઠળના ઠરાવથી વર્ષ:૨૦૧૮-૧૯માં (૧) ૧ થી ૪ દુધાળા પશુઓના ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાય(૨) રાજ્યના પશુપાલકોને ૧ થી ૨૦ દેશી દુધાળા પશુઓ(ગાય અને ભેંસ)ના એકમની સ્થાપના પર વ્યાજ સહાયની ચાલુ બાબતને વહીવટી મંજુરી આપવામાં આવેલ. વંચાણે લીધા(૩) હેઠળના પશુપાલન નિયામકશ્રીની કચેરીના પત્રથી ઉક્ત નવી બાબત તથા ચાલુ બાબતને ભેગી કરી(merge) વર્ષ:૨૦૧૯-૨૦માં રૂ.૧૭૦૦૪.૦૦લાખની પ્રી-બજેટ ચકાસણી દરખાસ્ત રજુ કરવામાં આવેલ. વર્ષ: ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં આ ચાલુ બાબત માટે રૂ.૧૪૩૪૫.૦૦લાખ(અંકે રૂપિયા ચૌદ હજાર ત્રણ સો પિસ્તાળીસ લાખ પૂરા)ની નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા(૪) હેઠળના નિયામકશ્રી, પશુપાલનની કચેરીના પત્રથી આ ચાલુ બાબત માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ નાણાકીય

જોગવાઇ(૧૪૩૪૫.૦૦લાખ)ની વહીવટી મંજુરી મેળવવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ. તેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## :ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે રૂ.૧૪૩૪૫.૦૦લાખ(અંકે રૂપિયા ચૌદ હજાર ત્રણ સો પિસ્તાળીસ લાખ પૂરા)ની અંદાજપત્રીય જોગવાઇ ધરાવતી આ ચાલુ બાબતને અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં નીચે દર્શાવેલ યોજનાવાર નાણાકીય જોગવાઇ તથા શરતો-બોલીઓ તેમજ આ ઠરાવના પરિશિષ્ટો(યોજનાવાર)માં નિર્દિષ્ટ શરતો-બોલીઓને આધીન વર્ષ:૨૦૧૯-૨૦માં ચાલુ રાખવાની વહિવટી મંજુરી આપવામાં આવે છે.

| યોજનાનું નામ | વર્ષ ૨૦૧૯-૨૦ની જોગવાઇ(રૂ.લાખમાં) | યોજનાના ખર્ચનું વિગતવાર સદર |
|---|---|---|
| (૧) ૧ થી ૪ દુધાળા પશુઓના ફાર્મની સ્થાપના માટે વ્યાજ સહાયની યોજના | ૫૦.૦૦ | ૩૧૩૨ -પંચાયતોને અન્ય સંબંધી જનરલ સહાયક અનુદાન |
| (૨) રાજ્યના પશુપાલકોને ૧ થી ૨૦ દેશી દુધાળા પશુઓ(ગાય અને ભેંસ)ના એકમની સ્થાપના પર વ્યાજ સહાયની યોજના | ૮૪૦.૦૦ | ૩૧૩૨ -પંચાયતોને અન્ય સંબંધી જનરલ સહાયક અનુદાન |
| (૩)સ્વરોજગારી હેતુ- પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના | ૧૩૪૫૫.૦૦ | ૩૧૩૫- અન્યને જનરલ સહાયક અનુદાન |
| કુલ | ૧૪૩૪૫.૦૦ | ------------------ |

**આ યોજનાના અમલીકરણ ની શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.**

(૧) સને ૨૦૧૯-૨૦ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામા આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામા આવી છે, તે હેતુ માટે જ ખર્ચકરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને અધિન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) યોજના માટે નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસિંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે " ઇ" ટેન્ડરીંગ બાબતોમાં કરવામાં આવેલ જોગવાઇ/ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો, તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાનું રહેશે.

(૭) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૮) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૯) વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજુર થયેલ લેખાનુદાન જોગવાઇ અને તેને અનુલક્ષીને નાણા વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૦) The right of persons with disabilities -2016ની Section-24 અને Section-37ની જોગવાઇઓ અનુસાર સદર યોજનામાં દિવ્યાંગો(માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫ ટકાની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઇપણ કારણસર દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

(૧૧) આ ચાલુ બાબતની યોજનાઓના અમલીકરણ માટે નિયત કરવામાં આવેલ કાર્યપદ્ધતિ, માર્ગદર્શિકા, શરતો-બોલીઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) આ અંગેનો ખર્ચ તા.૧-૪-૨૦૧૯થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણીનંબર- | ૪ |
| સેક્ટર : | ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર- | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર- | ૨૪૦૩ - પશુપાલન |
| ગૌણ સદર- | ૧૦૨ - પશુ અને ભેંસ વિકાસ |
| પેટા સદર- | ૦૧: એ.એન.એચ-૮: ચાવી રૂપ ગામોમાં કૃત્રિમ ગર્ભાધાન કેન્દ્રો |

નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર નિયામકશ્રી, પશુપાલનની કચેરીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગના વખતો વખતના અદ્યતન ઠરાવ વિગેરે સંબંધિત તમામ સૂચનાઓને પણ ધ્યાને લઇને ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૮/૦૩/૨૦૧૯થી અને વિભાગના સચિવશ્રીની તા.૨૯/૦૩/૨૦૧૯થી મળેલ મંજુરી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

"ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

VRDesai

(વિજય દેસાઇ)
સેક્શન અધિકારી
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ: પરિશિષ્ટો(યોજનાવાર)

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)નું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પશુપાલનની કચેરી, કૃષિભવન, ગાંધીનગર
- ઉપમહાલેખાકારશ્રી, (ES-૧)એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit) ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન,નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી(આઈ.ટી.સેલ), કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- સંબંધિત જીલ્લા પંચાયતો (મારફતે પશુપાલન નિયામક)
- સંબંધિત જીલ્લા તિજોરી કચેરીઓ તમામ
- કૃષિ ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ ની બજેટશાખા, પ.ર, અ. અને અને નાણાં શાખા
- પસંદગી ફાઇલ
- હુકમ ફાઇલ